પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫૬ | ૭ મે, ૨૦૨૨, શનિવાર; વૈશાખ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કેદારનાથના કપાટ ખુલ્યા : ભાવિકોની ભીડ

## છ મહિના સુધી ભક્તો આરાધ્ય દેવના દર્શન તથા પૂજા અર્ચના કરી શકશે : નરેન્દ્ર મોદીના નામથી પહેલી પૂજા કરવામાં આવી હતી, તો બીજી તરફ પુષ્કર સિંહ ધામીએ પૂજા અર્ચના કરી બાબા કેદારનાથના આર્શિવાદ લીધા



નવી દિલ્હી,તા.૬

દેશના બાર જ્યોતિર્લિંગોમાંથી એક કેદારનાથ ધામના કપાટ ખોલી દેવામાં આવ્યા છે. શુક્રવારે એટલે કે આજે સવારે ૬:૨૬ મિનિટ પર શુભ મુહૂર્તમાં બાબા કેદારનાથના ધામના કપાટ ખોલવામાં આવ્યા હતા. આ દરમિયાન કડકડતી ઠંડી હોવાછતાં બાબાના દર્શન માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. હવે છ મહિના સુધી બાબાના ભક્તો ધામમાં આરાધ્ય દેવના દર્શન તથા પૂજા અર્ચના કરી શકશે. બાબાના મંદિરને દસ ક્વિંટલ ફૂલોથી શણગારવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નામથી પહેલી પૂજા કરવામાં આવી હતી. તો બીજી તરફ પુષ્કર સિંહ ધામીએ પૂજા અર્ચના કરી બાબા કેદારનાથના આર્શિવાદ લીધા હતા. તો બીજી તરફ આજે જ્યારે બાબાના ધામના કપાટ ખોલ્યા તો ભક્તોએ જયકારો સાથે વાતાવરણ ગૂંજ્યું ઉઠ્યું હતું. બાબાની પંચમુખી મૂર્તિ કેદાર મંદિરમાં વિરાજમાન કરવામાં આવી. ત્યારબાદ વિધિપૂર્વક કેદારનાથના કપાટ ભક્તોના દર્શન માટે ખોલવામાં આવ્યા. તમને જણાવી દઈએ કે ગુરૂવારે કેદારની

● અનુસંધાન પાન-૭ પર

# સેન્સેક્સમાં ૮૮૭ પોઈન્ટનો કડાકો

## બેન્ક ઓફ ઈંગ્લેન્ડે વ્યાજ દરમાં વધારો કર્યો : નિફ્ટી ૨૭૧.૪૦ પોઈન્ટ ઘટીને ૧૬,૪૧૧.૨૫ પર બંધ

મુંબઈ , તા.૬

વૈશ્વિક બજારોમાં વેચવાલી વચ્ચે શુક્રવારે મુખ્ય શેરબજારો ઘટ્યા હતા અને બીએસઈ સેન્સેક્સ ૮૬૬.૬૫ પોઈન્ટના ઘટાડા સાથે ૫૫,૦૦૦ની નીચે બંધ થયો હતો. વિદેશી ભંડોળના સતત આઉટફ્લો અને ક્રૂડ ઓઈલના ભાવમાં મજબૂતી આવવાથી બજારના સેન્ટિમેન્ટને પણ અસર થઈ હતી. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૮૬૬.૬૫ પોઈન્ટ્સ અથવા ૧.૫૬ ટકાના ઘટાડા સાથે ૫૪,૮૩૫.૫૮ ના સ્તર પર બંધ થયા છે. દિવસના કારોબારમાં એક તબક્કે સેન્સેક્સ ૧,૧૧૫.૪૮ પોઈન્ટ અથવા બે ટકા ઘટીને ૫૪,૫૮૬.૭૫ પર હતો.

એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૨૭૧.૪૦ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકાના ઘટાડા સાથે ૧૬,૪૧૧.૨૫ પર બંધ થયો હતો. સેન્સેક્સ શેરોમાં બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેંક, બજાજ ફિનસર્વ, નેસ્લે, વિપ્રો, એચડીએફસી, ઈન્ફોસિસ, એચડીએફસી બેંક અને અલ્ટ્રાટેક સિમેન્ટ ટોપ લુઝર્સમાં હતા. બીજી તરફ ટેક મહિન્દ્રા, પાવરગ્રીડ, આઈટીસી, એસબીઆઈ અને એનટીપીસી વધ્યા હતા.

યુરોપના શેરબજારો બપોરના સત્રમાં ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા. અમેરિકાના શેરબજારોમાં પણ ગુરુવારે ઘટાડો જોવા મળ્યો હતો. હેમ સિક્યોરિટીઝના વડા (પીએમએસ) મોહિત નિગમે

● અનુસંધાન પાન-૭ પર

# સીએએ લાગુ થશે જ, ટીએમસી કંઈ નહીં કરી શકે : અમિત શાહ

## હું નથી ઈચ્છતી કે કોઈના નાગરિકતાના અધિકારોને કોઈ નુકસાન પહોંચે, એકતા જ આપણી તાકાત છે : મમતા

સિલિગુડી, તા.૬

પશ્ચિમ બંગાળના ૨ દિવસીય પ્રવાસ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નાગરિકતા સંશોધન કાયદો લાગુ કરવા મામલે ખૂબ જ મહત્વનું નિવેદન આપ્યું છે. અમિત શાહે જણાવ્યું કે, નાગરિકતા સંશોધન કાયદો એ એક વાસ્તવિકતા છે અને તૃણમૂલ કોંગ્રેસ તે માટે કશું જ નહીં કરી શકે.

ઉલ્લેખનીય છે કે, નાગરિકતા સંશોધન કાયદાના વિરોધમાં દિલ્હીના શાહીનબાગ સહિત દેશના વિભિન્ન ક્ષેત્રોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા. વર્ષ ૨૦૧૯ના અંત અને ૨૦૨૦ની શરૂઆતમાં સીએએ મુદ્દે વ્યાપક વિરોધ પ્રદર્શનો થયા હતા.

પશ્ચિમ બંગાળના સિલિગુડી ખાતે પોતાના સંબોધન દરમિયાન અમિત શાહે જણાવ્યું કે, તૃણમૂલ કોંગ્રેસ એવી અફવા ફેલાવી રહી છે કે, નાગરિકતાનો કાયદો કદી ધરાતલ પર નહીં ઉતરે પરંતુ હું તેમને કહવા ઈચ્છું છું કે, અમે સીએએ લાગુ કરીશું. જ્યારે કોવિડ મહામારીનો અંત આવશે ત્યારે સીએએ લાગુ કરવામાં આવશે. મમતા દીદી ઘૂસણખોરી ઈચ્છે છે પરંતુ સીએએ એક વાસ્તવિકતા છે જેને અમલમાં લાવવામાં આવશે. જેટલી ઝડપથી કોરોના મહામારીનો અંત આવશે અમે નાગરિકતા સંશોધન કાયદો લાગુ કરીશું.



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'આ જ એમની યોજના છે, તેઓ સંસદમાં બિલ શા માટે નથી લાવી રહ્યા, તેઓ ૨૦૨૪માં સત્તામાં પાછા નહીં આવે તે હું તમને જણાવી દેવા માગું છું. હું નથી ઈચ્છતી કે કોઈના નાગરિકતાના અધિકારોને કોઈ નુકસાન પહોંચે. આપણી એકતા જ આપણી તાકાત છે.

# મસ્જિદમાં લાઉડસ્પીકર લગાવવા એ મૌલિક અધિકાર નથી : હાઈકોર્ટ

## ગાઈડલાઈન પ્રમાણે રાતના ૧૦:૦૦ વાગ્યાથી સવારના ૬:૦૦ વાગ્યા સુધી લાઉડસ્પીકરનો પ્રયોગ ન થવો જોઈએ

પ્રયાગરાજ, તા.૬

અલાહાબાદ હાઈકોર્ટે દેશમાં ચાલી રહેલા લાઉડસ્પીકર વિવાદ વચ્ચે મહત્વની ટિપ્પણી કરી છે અને સાથે જ મસ્જિદમાં લાઉડસ્પીકર લગાવવાની માગણી અંગે દાખલ કરવામાં આવેલી અરજીને પણ ફગાવી દીધી છે. કોર્ટના કહેવા પ્રમાણે મસ્જિદમાં લાઉડસ્પીકર લગાવવું એ મૌલિક અધિકાર નથી. આ કાયદો પ્રસ્તાવિત થઈ ગયો છે કે, મસ્જિદોમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો એ બંધારણીય અધિકાર નથી.

જસ્ટિસ વિવેક કુમાર બિરલા અને જસ્ટિસ વિકાસની ડિવીઝન બેન્ચે બુધવારે આ આદેશ આપ્યો હતો. ઈરફાન નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં બદાયું જિલ્લાના બિસૌલી એસડીએમના ૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ આપવામાં આવેલા આદેશને પડકારવામાં આવ્યો હતો.

# પ. બંગાળમાં અમિત શાહની મુલાકાત ટાણે જ ભાજપના કાર્યકરની હત્યા

કોલકાતા, તા.૬

પશ્ચિમ બંગાળમાં ભાજપના વધુ એક કાર્યકરની હત્યા કરી દેવામાં આવી છે. કોલકાતાના ચિતપુર વિસ્તારમાં અર્જુન ચૌરસિયા નામના કાર્યકરની લાશ ફાંસીના ફંદા પર લટકતી મળી આવી હતી. ભાજપે તેની હત્યા કરવામાં આવી હોવાનો આરોપ લાગ્યો છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ગૃહ મંત્રી અમિત શાહ કોલકાતાના પ્રવાસે છે.

કાર્યકરની મોત બાદ અમિત શાહના સ્વાગતના તમામ કાર્યક્રમો રદ કરી દેવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં આ પ્રકારે રાજકીય અદાવતમાં હત્યાની નવાઈ નથી રહી. ભૂતકાળમાં પણ ભાજપે પોતાના કાર્યકરોની આ જ રીતે ગળે ફાંસો આપીને હત્યા કરી દેવામાં આવી હોવાનો આરોપો લગાવેલા છે.

# પંજાબ ભાજપના પ્રવક્તા તેજિંદર બગ્ગાની ધરપકડ

## કેજરીવાલ અંગે વિવિદાસ્પદ ટિપ્પણ બદલ પગલું : બગ્ગાને પંજાબ પોલીસના ૫૦ જવાન ઘરેથી અરેસ્ટ કરી લઈ ગયા હોવાનો ભાજપના નેતા કપિલ મિશ્રાનો દાવો

### બગ્ગાને લઈ જતી પંજાબ પોલીસ પર અપહરણનો કેસ નોંધાયો

#### તેજિંદર બગ્ગાની ધરપકડ પર રાજકીય હોબાળો

નવી દિલ્હી, તા.૬

તેજિંદર બગ્ગાની ધરપકડ પર રાજકીય હોબાળો વધતો જઈ રહ્યો છે. તેજિંદર બગ્ગાને દિલ્હીથી મોહાલી લઈ જઈ રહેલી પંજાબ પોલીસને હરિયાણા પોલીસે કુરુક્ષેત્રમાં રોકી લીધા છે. પંજાબ પોલીસ પર દિલ્હીમાં અપહરણનો કેસ નોંધાયો છે. તેજિંદર સિંહ બગ્ગાને મોહાલી જિલ્લા કોર્ટમાં આજે એક વાગે રજૂ કરવાના હતા પરંતુ આ હોબાળા વચ્ચે તેમની હાજરી પર પ્રશ્ન ઉભા થઈ ગયા છે. મોહાલી પોલીસે તેજિંદર સામે સાયબર સેલમાં કેસ નોંધ્યો હતો. આ મામલે આજે તેમની ધરપકડ થઈ છે. ઘટના પર હવે રાજકારણ પણ ગરમાયુ છે. ભાજપ નેતાઓએ પંજાબના ભગવંત માન સરકારને ઘેરી છે. દિલ્હી પોલીસને પંજાબ પોલીસે જણાવ્યુ હતુ કે તેજિંદર પાલ સિંહ બગ્ગા વિરુદ્ધ ૧૫૩-એ, ૫૦૫ અને ૫૦૬ કલમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. જ્યારે બગ્ગાને લઈને જઈ રહેલી પંજાબ પોલીસની ગાડીને હરિયાણા પોલીસે કુરુક્ષેત્રમાં રોકી લીધી છે.

ચંદીગઢ, તા.૬

તેજિંદર બગ્ગાની પંજાબ પોલીસે ધરપકડ કરી લીધી છે. જાણકારી અનુસાર મોહાલી પોલીસે તેજિંદર વિરુદ્ધ સાયબર સેલમાં કેસ નોંધ્યો હતો. આ મામલે હવે



ધરપકડ કરવામાં આવી છે. આ મુદ્દે હવે રાજકારણ પણ ગરમાયુ છે. ભાજપ નેતાઓએ પંજાબની ભગવંત માન સરકારને ઘેરી છે. તેજિંદર પાલ સિંહ બગ્ગા પર આરોપ છે કે તેમણે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ આપત્તિજનક શબ્દોનો ઉપયોગ કર્યો અને સમાજને ધર્મ અને જાતિના આધારે વહેંચવાનો પ્રયત્ન કર્યો.

ભાજપ નેતા કપિલ મિશ્રાએ દાવો કર્યો છે કે તેજિંદર બગ્ગાને પંજાબ પોલીસના ૫૦ જવાન ઘરેથી અરેસ્ટ કરી લઈ ગયા છે. દિલ્હી ભાજપના પ્રવક્તા પ્રવીણ શંકર કપૂરે કહ્યુ કે આ ઘણુ શરમજનક છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પંજાબમાં તેમની પાર્ટીને મળેલી

● અનુસંધાન પાન-૭ પર

# ઝારખંડના આઈએએસ પૂજા સિંઘલના ઘર પર ઈડીના દરોડા

## પૂજા સિંઘલ પર ગેરકાયદેસર રીતે પૈસા કમાવવાનો આરોપ : ૨૫ કરોડ રોકડા મળ્યા : આઈએએસ પૂજા સિંઘલના સસરા કામેશ્વર ઝાની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી



રાંચી, તા.૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ની જુદી જુદી ટીમો ગેરકાયદેસર ખાણકામ અને શેલ કંપનીઓ સાથે સંબંધિત કેસમાં દરોડા પાડી રહી છે. ટીમે શુક્રવારે સવારે આઈએએસ અધિકારી અને ઝારખંડના ખાણ અને ઉદ્યોગ સચિવ પૂજા સિંઘલના સત્તાવાર નિવાસસ્થાન અને તેમના પતિના નિવાસસ્થાને એકસાથે દરોડા પાડ્યા હતા. આ સિવાય ઈડીની ટીમ પૂજા સિંઘલ અને તેના પતિના ઘણા સ્થળો પર પણ દરોડા પાડી રહી છે. આ કાર્યવાહીમાં ૨૫ કરોડની રોકડ પણ મળી હોવાની માહિતી મળી છે. આઈએએસ પૂજા સિંઘલના સસરા કામેશ્વર ઝાની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ તેમના મધુબની સ્થિત ઘરેથી કરવામાં આવી હતી. ગેરકાયદેસર મિલકતના કેસમાં કાર્યવાહી કરવામાં આવી છે. ઘણા રાજ્યોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે.

પૂજા સિંઘલ પર સતત ગેરકાયદેસર રીતે પૈસા કમાવવાનો આરોપ છે. કહેવામાં આવી રહ્યું છે કે ઈડી દ્વારા અપ્રમાણસર સંપત્તિ, ગેરકાયદે માઈનિંગ અને શેલ કંપની સાથે જોડાયેલા મામલામાં આ દરોડા પાડવામાં આવી રહ્યા છે. જો કે, આ કાર્યવાહી બાદ ઝારખંડના સીએમ હેમંત સોરેન તો નિશાના પર નથી ને? એવા સવાલો ઉઠી રહ્યા છે.

ઈડીની ટીમ આઈએએસ અધિકારી અને ઝારખંડના ખાણ અને ઉદ્યોગ સચિવ પૂજા સિંઘલના સત્તાવાર નિવાસસ્થાન અને તેમના પતિના નિવાસસ્થાન સહિત અનેક સ્થળોએ દરોડા પાડી રહી છે.

PDEU PANDIT DEENDAYAL ENERGY UNIVERSITY
UGC RECOGNIZED
Formerly Pandit Deendayal Petroleum University (PDPU)
SCHOOL OF LIBERAL STUDIES
ADMISSION OPEN
COURSES OFFERED
Four Years Honors Program
BBA (HONS.)
B.A. (HONS.)
B.COM. (HONS.)

COUNSELLING AT PDEU CAMPUS
Raisan Village, PDEU Rd, Gandhinagar, Gujarat 382007
DATE : 08th MAY 2022
TIME : 10:00 AM to 12:30 PM
[14th Intake] APPLY ONLINE
SLS SCHOOL OF LIBERAL STUDIES
ACCREDITED & RANKED BY nirf ARIIA
079 - 23275240/41/42/43
+91 99241 33225 / 9909979438
@slspdpu @slspdeu
sls.pdpu.ac.in



સ્વ. કમલેશ મણિભાઇ પટેલ

મહાપ્રયાણ
૦૭ મે ૨૦૨૧

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ

અંજલિ આપતા હૈયું રડે છે,
શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે,
સરી ગયો સમય,
તારી સ્મૃતિને સંભારતા
વીતી ગયુ વર્ષ.
દયાળુ, ધાર્મિક, કર્તવ્યનિષ્ઠ,
પરોપકારી કમલેશને
પ્રથમ પૂણ્યતિથિએ
શ્રધ્ધાપૂર્વક, ભાવપૂર્વક નમન કરી
શ્રધ્ધા સુમન અર્પણ.

IT'S JUST SIGMA THE DOCUMENT SHOP
DOCUMENT & IMAGE PROCESSING | REPRODUCTION
પરિવાર ● ગાંધીનગર

નીતા કમલેશ પટેલ (પત્ની) યુ.એસ.એ.
આશય કમલેશ પટેલ (પુત્ર) યુ.એસ.એ.



બેસણું



પૂજ્ય ગં.માતૃશ્રી
લીલાબા માધુજી રાઠોડ
તા.૪-૫-૨૦૨૨ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૮-૫-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ દરબારવાસ, રાઠોડનો માઢ, સેન્ટ્રલ બેંક પાસે, મુ.પો.વાવોલ, તા.જી.ગાંધીનગર.

વિનોદસિંહ માધુજી રાઠોડ (પુત્ર)
(મો.૯૪૨૭૬૦૭૧૩૭)
સ્વ.ઘનશ્યામસિંહ માધુજી રાઠોડ

રાધેશ્યામ માધુજી રાઠોડ (પુત્ર)
(મો.૯૮૨૫૦૨૮૧૨૬)
સત્યજીતસિંહ ઘનશ્યામસિંહ રાઠોડ
યુવરાજસિંહ વિનોદસિંહ રાઠોડ (કેનેડા)